નન્ના મુન્ના રાહી હું, દેશ કા સિપાહી હું.... - ગાંધીનગરની જાણીતી રંગોલી પ્રિ-પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ ભારે ઉલ્લાસપૂર્વક યોજાઈ ગયો... નાના-નાના ભૂલકાઓએ રંગબેરંગી પહેરવેશમાં કાલી-ઘેલી ભાષામાં અવનવી અદા રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.... સ્ટેજ પરનો પ્રથમ પ્રયાસ બાળકોના જીવનમાં આત્મવિશ્વાસ પ્રગટાવે છે... આંતરિક શક્તિઓનો વિકાસ જન્માવે છે... અને આવતીકાલના ભવિષ્યનું નિર્માણ કરે છે....

બેંક ખાતાની વિગતો માંગીને થતી ઠગાઈમાં નાયઝેરીયન ગેંગનો હાથ

ગાંધીનગરનો વધુ એક યુવાન ભોગ બન્યો : બેંક ખાતાની ફોન પર વિગત મેળવીને ૫ હજાર ઉઠાવી લીધા : વોઈસ ફીસીંગમાં નાયઝેરીયન ગેંગ સક્રીય : સાયબર સેલ

ગાંધીનગર, તા. ૬

રાજયભરમાં સાયબર ક્રાઈમ રેટ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગરના રહીશોને બેંકમાંથી એકાઉન્ટ વેરીફીકેશન કોલના બહાને ઠગાઈ કરવાના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે પણ સે. ૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ હોસ્ટેલમાં રહેતા અને સે. ૨૮ એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા યુવાનને આવો એક કોલ આવ્યો હતો અને તેના બેંક ખાતામાંથી રૂ. ૫ હજાર ઉપડી ગયા છે. ગાંધીનગરમાં ૨૦ થી વધુ લોકો આ પ્રકારના ગુનાનો ભોગ બન્યા છે.

સાયબર સેલ, સી.આઈ.ડી. ક્રાઈમની ટીમે આ ગુનાઓની મોડ્સ ઓપરેન્ડી તપાસી ગેંગ સુધી પહોંચવા ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. દિલ્હીની ઠગ ગેંગ અને એક ચોક્કસ નાયઝેરીયન ગેંગ આ ગુનાઓમાં સક્રીય હોવાનું સાયબર સેલની ટીમનું માનવું છે. ફેક સીમકાર્ડ, ફેક વેબસાઈટ પોર્ટલનો ઉપયોગ કરીને લોકોને ફોન, મેસેજ કે ઈ-મેઈલ કરીને લલચાવી નાયઝેરીયન ગેંગ વોઈસ ફીસીંગ કરી લે છે.

સાયબર ક્રાઈમની ટીમનું કહેવું છે કે આ પ્રકારે બનતા ગુનામાં રૂપિયા પાછા આવવાની શક્યતા ખુબ જ ઓછી છે. આ ગુનેગારો સુધી પહોંચવું પણ તેટલું જ મુશ્કેલ છે. જેને કારણે સાયબર સેલ દ્વારા જનજાગૃતિ માટે આવા ઠગ તત્વોથી બચવા શુ શુ તકેદારી રાખવી જોઈએ તેની માર્ગદર્શીકા પણ બહાર પાડી છે.

શુ-શુ કાળજી રાખશો..?

- ક્રેડીટ કે ડેબીટ કાર્ડના પીન નંબર કે કોઈ પણ જાતની માહિતી ફોન પર આપવા નહી.
- એસએમએસ કે ઈમેલથી મળતા લોટરી જીતવા અંગેની ઓફરના જવાબ ન આપવા.
- કોઈપણ વેબસાઈટમાં રજીસ્ટ્રેશન ફી માટે ઈન્ટરનેટ વડે પેમેન્ટ કરતી વખતે બેંક ડીટેલ માટે ઈમેલ દ્વારા આપેલી લીંક પર પેમેન્ટ કરવું નહીં.
- વેબસાઈટના બ્રાઉઝરમાં લોગ-ઈન થવા માટે ક્યારેય મેઈલ કે એસએમએસ દ્વારા આપવામાં આવેલ લીંકથી નેટ બેન્કીંગ કરવું નહી કે પાસવર્ડ આપવો નહી.
- બેંક, ઈન્કમ ટેક્ષ, આર.બી.આઈ., કસ્ટમ સહીતની સંસ્થાઓ દ્વારા બોનસ પોઈન્ટ કે લોટરી સ્કીમ આપવામાં આવતી નથી જેથી લલચાઈને જવાબ આપવા નહી.

આચારસંહિતાને પગલે કર્મચારીઓની રજાઓ રદ

ગાંધીનગર, તા. ૬

લોકસભા તથા વિધાનસભાની પેટા-ચૂંટણી જાહેર થતાં જ તમામ સરકારી કર્મચારી અધિકારીઓની રજા રદ કરી અને પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

આદર્શ આચારસંહિતાના ભાગરૂપે હવે કર્મચારી-અધિકારી અનિવાર્ય સંજોગો સિવાય રજા પર જઈ શકશે નહિ. જિલ્લાકક્ષાએ રજાઓ કલેક્ટર દ્વારા મંજૂર કરવામાં આવશે.

ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતાને લઈ જરૂરી સૂચનાઓ તંત્રના અધિકારીઓને પણ જારી કરી દીધી છે એટલુ જ નહિ તેની અમલવારી માટે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેવી તેનું માર્ગદર્શન પણ સૂચનાઓની સાથે આપવામાં આવ્યુ છે.

આદર્શ આચાર સંહિતાના અમલને માટે આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ પણ રાજકીય પક્ષોના આગેવાનોની બેઠક બોલાવી તેની વિસ્તૃત સમજ આપી હતી.

ભાજપે આજે એવી રજુઆત કરી હતી કે આદર્શ આચારસંહિતા જે તે સરકારોને લાગુ પડે છે. સામાન્ય પ્રજાજનોને ચૂંટણીના જાહેરનામાની તારીખથી લાગુ પડે છે. ભાજપે મતદારોને જોડવાના અભિયાનને આવકારી આ માટે તંત્રેએ લોકજાગૃતિ ઉભી કરે તેવો આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં કોંગ્રેસના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ કેટલીક મહત્વની રજુઆતો કરી હતી.

રેનબસેરાની યોજના હજુ અધ્ધરતાલ સેક્ટરોમાં ઝૂંપડપટ્ટીઓનો અડીંગો

વસાહત મહામંડળની સામાન્ય સભામાં પાણી-ગટર સફાઈ સહીતના પ્રશ્નો અંગે રજૂઆત

ગાંધીનગર, તા. ૬

શહેરમાં રેનબસેરાની યોજનાના અભાવ વચ્ચે સેક્ટરોમાં ઝૂંપડપટ્ટીઓ તેમજ ગંદકીની સમસ્યા જટીલ બની હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ મહામંડળની વાર્ષિક સામાન્ય સભામાં પ્રતિનિધિઓ દ્વારા શહેરીજનોને સ્પર્શતા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે શહેરની સ્વચ્છતા અંગે દાખવવામાં આવતી બેદરકારી તેમજ સેક્ટરોમાં વધતા ઝૂંપડાઓ અંગે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સે. ૬, ૭, ૧૨ તેમજ સે. ૨ અને સે. ૨૧માં વધતી ઝૂંપડપટ્ટીની સામે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી ન કરાતા દિન-પ્રતિદિન ઝૂંપડાઓની સંખ્યા વધી રહી છે. બીજી તરફ રેનબસેરાની યોજનાનું કામ પણ હાથ ન ધરાતા સેક્ટરોમાં દૂષણો પાંગરી રહ્યા છે. આ મામલે યોગ્ય નિરાકરણ

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલથી હોળાષ્ટક માંગલિક કાર્યો પર બ્રેક

૮મી માર્ચથી ૧૫મી માર્ચ સુધી હોળાષ્ટક અને ૧૪ માર્ચથી ૧૪મી એપ્રીલ મીનાર્ક કમુરતા

ગાંધીનગર, તા. ૬

ફાગણ સુદ આઠમ તા. ૮મી માર્ચના રોજ હોવાથી આ દિવસથી હોળાષ્ટકનો પ્રારંભ થશે. સાથે જ આ દિવસે વૃદ્ધિતિથી છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ હોળાષ્ટકમાં લગ્નાદિ સંસ્કાર કાર્યો અને માંગલિક કાર્યો થતા નથી. લગભગ સવા મહિના સુધી માંગલિક કાર્યો પર બ્રેક લાગી જશે.

હોળાષ્ટક પછી તા. ૧૪મી માર્ચથી મીનાર્ક કમુરતાનો પ્રારંભ થશે જે ૧૪મી એપ્રિલ સુધી ચાલશે. જેને કારણે લગ્નાદિ વગેરે બંધ રહે તે સ્થિતિ સવા મહિના સુધી ચાલશે. આગામી તા. ૮મી માર્ચથી હોળાષ્ટકનો પ્રારંભ થશે. જેમાં શુક્રની રાશીમાં ચંદ્ર છે. આઠમ વૃદ્ધિતિથી છે. જેના કારણે આ હોળાષ્ટક અશુભત્વ આપનાર બનશે. શુક્ર એ આર્થિક બાબતોનો કારક છે. આર્થિક બાબતોમાં ચઢાવ-ઉતાર, શેરબજારમાં ચઢાવ-ઉતાર, જમીનને લગતા કામકાજમાં તેજી-મંદી આવશે. સામાન્ય રીતે બુધ અને સૂર્ય સાથે ચાલતા હોય પણ જ્યારે બુધ પાછળ જાય ત્યારે વાણીના દોષને કારણે ઘણા બધા પ્રશ્નો સર્જાતા હોય છે. માટે આ સમયગાળા દરમ્યાન સામાન્ય રીતે નવા કાર્યોનો પ્રારંભ, મુલાકાતો, લે-વેચ કરાતા નથી. હોળી અગાઉના આઠ દિવસ અમંગલ પ્રદાન કરતા હોય છે. જે હોલીકા દહન પછી સમાપ્ત થાય છે. હોળાષ્ટક ૧૬મી માર્ચે પૂર્ણ થાય છે. વળી તે પહેલા જ ૧૪મી માર્ચથી સુર્યનારાયણ મીન રાશિમાં પ્રવેશ કરતા મીનાર્ક કમુરતાનો પ્રારંભ થશે. આથી સવા મહિના સુધી માંગલિક કાર્યો બંધ રહેશે.

રાયસણમાં ૭૦ લાખના ખર્ચે બે નવા બગીચા

ગાંધીનગર, તા.૬

ગુડા દ્વારા રાયસણ વિસ્તારમાં બે નવા બગીચાઓનું નિર્માણ કરવામાં આવનાર છે. હરિયાળા ઉદ્યાનના નિર્માણ માટે અંદાજિત રૂ. ૭૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસ સાધવા અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. થોડા સમય અગાઉ ગુડા દ્વારા જાહેર કરાયેલી પુનરાવર્તિત વિકાસ યોજના અન્વયે પણ નવા વિકાસ કામોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત આવાસ યોજના, લાયબ્રેરી, વર્કીંગ વુમન હોસ્ટેલ વિસામો બનાવવાનું આયોજન પણ આખરી કરી દેવાયું છે. જયારે વિકાસના નવતર અભિગમની સાથે ગ્રીનસીટી અને કલીનસીટીનો કન્સેપ્ટ અપનાવવા

● અનુસંધાન પાન-૭ પર

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ૯મીથી બેઠકો

ગાંધીનગર, તા. ૬

લોકસભા ચૂંટણી જાહેર થતાં જ ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. આગામી ૯મીથી ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર શરૂ થશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી.ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર ૯મીથી શરૂ થનાર છે. આ બેઠકમાં જિલ્લા નિરીક્ષકો દ્વારા રજુ કરવામાં અહેવાલ પર લોકસભા બેઠક દિઠ સંભવિત ઉમેદવારોના નામો અંગે ચર્ચા કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ દરરોજ બે લોકસભા બેઠક માટે ચર્ચા હાથ ધરાશે. જિલ્લા નિરીક્ષકો જિલ્લાના આગેવાનો સાથે બેઠકમાં ચર્ચા કરાશે અને સ્થાનિક રાજકીય સામાજીક પરિસ્થિતિ અંગેનો તાગ મેળવીને જિલ્લા નિરીક્ષકના અહેવાલને ધ્યાનમાં રાખીને સંભવિત ઉમેદવારોના નામ અંગેની એક પેનલ યાદી તૈયાર કરવામાં આવશે. તમામ ૨૬ લોકસભા બેઠકો

● અનુસંધાન પાન-૭ પર

ઓફીસ/શોપ ભાડે આપવાની છે
(૧) સેક્ટર-૧૧, મેઘમલ્હાર ૧૯૦સ્કે.ફીટ
(૨) સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ૩૯૦સ્કે.ફીટ
ફુલ્લી ફર્નિશ્ડ ૧૦ કર્મચારી બેસીને કામ કરી શકે તેવું વિશાલ પાર્કીંગની જગ્યા સાથે
સંપર્ક : મો. ૯૯૭૪૭૦૩૪૦૧

ગ્રીન સીટી દવાખાનું
Apollo
ગ્રીન સીટી દવાખાનું અને અપોલો હોસ્પિટલ દ્વારા આયોજીત
જાહેર જનતા માટે મફત હેલ્થ ચેકઅપ કેમ્પ
તારીખ : ૯ માર્ચ, ૨૦૧૪ રવિવાર
સમય : સવારે ૯-૩૦ થી બપોરે ૧-૩૦
સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર દ્વારા તપાસ
• કાર્ડિયોલોજીસ્ટ (હૃદય રોગ નિષ્ણાત) • ગાયનેકોલોજીસ્ટ
• ડાયાબીટિસ સ્પેશ્યાલીસ્ટ • એમડી ફીઝીશીયન
લેબોરેટરી ટેસ્ટ અને દવાઓ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
ફોન : ૯૪૨૭૪ ૪૫૯૩૬, ૯૯૧૩૬ ૨૦૯૧૭, ૯૯૨૫૭ ૮૮૮૪૪
ગ્રીન સીટી દવાખાનું
સ્થળ : ગ્રીન સીટી બાઈપાસ ચર્ચ પાસે, સરગાસણ ચાર રસ્તા નજીક, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર અને સીટી જુના અને જાહેર
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૦, વિશ્વકર્મા સોર્યોગ સેન્ટર, સરકારી માર્કેટની બાજુમાં, સેક્ટર-૧૯, ગાંધીનગર.
ફોન : (ઈ.) ૨૩૨૧૧૬૩, ૨૩૨૨૩૪૪૬, મો. : ૯૪૨૬૫ ૦૪૬૫૨, ૯૯૧૪૦ ૦૪૬૮૯

જાહેર ખબર
તા.૧૬/૩/૨૦૧૪
(ગાંધીનગર જે વિભાગના)
મુખ્ય પ્રજા અધિકારીશ્રી
પ્રજા અધિકાર, ગાંધીનગર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (ગુજરાત/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
લોકેશન : હનુમાન મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૯, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Since 1986
અભય
Government Approved Contractor
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87388, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25903943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com